# રૂપાણીથી વર્ગ-૪નો કર્મચારી અને જયંતિ રવિ થી નર્સ હજારો લોકો કોરોના સામે ફાઈટ કરી રહ્યાં છે

ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમણ સામે આખી સરકાર યુદ્ધ કરી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીથી આરોગ્ય વિભાગના વર્ગ-૪નો કર્મચારી દિન-રાત જોયા વિના મહામારી સામે ઝઝૂમી રહ્યો છે. રાજ્યના સાત એવા યોદ્ધા છે કે જેઓ કોરોના સંક્રમણને અટકાવવાના પ્રયાસમાં લાગી ચૂક્યાં છે. ૨૦૦૧માં કચ્છમાં આવેલા ધરતીકંપ સમયે જે રીતે વહીવટીતંત્ર કામ કરતું હતું તેવું કોરોના સમયે ૨૦૨૦માં પણ વહીવટીતંત્ર યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે.



**વિજય રૂપાણી**-ગુજરાતના મુખ્યમંત્રી કોરોના વાયરસના કેસો અને તેને રોકવા ઉપાયો માટે સતત અધિકારીઓ સાથે મોનિટરીંગ કરી રહ્યાં છે. રાજ્ય વહીવટીતંત્રમાં તેમણે એક કોર ટીમ બનાવી છે જે પ્રતિદિન કોરોના કેસોની સમીક્ષા કરે છે અને સતત અપડેટ રહે છે.



**નીતિન પટેલ**-રાજ્યના લોકોનું આરોગ્ય સારૂં રહે તે માટે નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિન પટેલે મોરચો સંભાળ્યો છે. તેઓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સતત સંપર્કમાં છે. રાજ્યની હોસ્પિટલો, આરોગ્ય સેન્ટરોમાં વ્યવસ્થાની જાળવણીનું કામ કરી રહ્યાં છે. મેડીકલના સાધનો ક્યાં ખૂટે છે, ક્યાં સ્ટાફની જરૂરિયાત છે, હોસ્પિટલોમાં કેવી સ્થિતિ છે તેનું પળેપળનું રિપોર્ટીંગ મેળવે છે.



**જયંતિ રવિ**-મિડીયામાં પ્રિય બની ચૂકેલા આરોગ્ય વિભાગના અગ્ર સચિવ પળેપળની માહિતી નિડરતાથી લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. પ્રત્યેક ઘરમાં સવારે અને મોડી સાંજે લોકો ટીવી પર તેમને સાંભળવા બેસી જાય છે. રાજ્યના આરોગ્ય વિભાગ તેમજ મેડીકલ સેકટરની સંપૂર્ણ જવાબદારી તેમણે ઉપાડી લીધી છે. મિડીયા બ્રિફીંગમાં આજે લોકોને તેમના શબ્દો પર વિશ્વાસ બેસી ગયો છે. તેમને આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે અને તેમનો સ્ટાફ ફુલ સપોર્ટ આપી રહ્યો છે.



**અનિલ મુકિમ**-રાજ્યના વહીવટી વડા એવા ચીફ સેક્રેટરી કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે મહત્વની કડી છે. રાજ્યની જરૂરીયાતો તેમજ કેન્દ્રના આદેશોનું પાલન રાજ્યમાં કેવી રીતે કરવું તેની સૂચના તેઓ આપે છે. સચિવાલય ૫૦ ટકા બંધ છે છતાં આજે તેમની કચેરી સરકારી નોકરીના સમયગાળા દરમ્યાન અને તે પછી પણ ચાલુ જોવા મળે છે. કોરોના સબંધિત જવાબદારીઓ જે વિભાગોને આપી છે તેના વડા સાથે સતત સંપર્ક બનાવી રાખે છે.



**શિવાનંદ ઝા**-રાજ્યના પોલીસ વડાના માથે કાયદો-વ્યવસ્થા અને કોરોના સબંધિત લોકડાઉનનો રાજ્યભરમાં અમલ કરવાની મહત્વની જવાબદારી છે. નિવૃત્તિનો સમય વધુ નજીક આવી ગયો હોવા છતાં આ પોલીસ ઓફિસર દિન-રાત જોયા વિના તેમની ડ્યુટી કરી રહ્યાં છે. રાજ્યના પોલીસ અધિક્ષકો તેમજ પોલીસ કમિશનરો સાથે તેઓ સતત અપડેટ રહે છે. રાજ્યમાં ક્યાંય પણ કોઈ મુશ્કેલી ઉભી થાય તો તેનું સોલ્યુશન તેઓ ગાંધીનગર બેઠાં બેઠાં કાઢી આપે છે.



**અશ્વિનીકુમાર**-મુખ્યમંત્રીના સેક્રેટરી તરીકે ફરજ બજાવતા આ અધિકારી રાજ્યમાં અન્ન અને નાગરિક પુરવઠો તેમજ જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ લોકોને સરળતાથી મળી રહે તેની જવાબદારી સંભાળે છે. રાજ્યમાં ટ્રાન્સપોર્ટેશન, સસ્તા અનાજની દુકાનો તેમજ પેટ્રોલપંપ સહિતની લોકોને જરૂરી બાબતો સાથે તેમની ડ્યુટી વણાયેલી છે. મુખ્યમંત્રીની કોર ગ્રુપના સભ્ય હોવાથી તેઓ સબંધિત વિભાગોને પુરવઠા બાબતે સીધી સૂચનાઓ પણ આપી રહ્યાં છે.



**પંકજકુમાર**-મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ એવા આ ઓફિસરનો રોલ અતિ મહત્વનો બની ગયો છે. રાજ્યના ૩૩ જિલ્લાના કલેક્ટરો સાથે તેઓ સીધો સંપર્ક બનાવી રાખે છે. જિલ્લામાં ઉભી થતી મુશ્કેલી, જિલ્લામાં કોરોના સંદર્ભે થઈ રહેલી કાર્યવાહી તેમજ લોકડાઉનની સ્થિતિ વચ્ચે લોકોને પડતી હાલાકી તેમજ તેના ઉપાયો અંગે તમામ કલેક્ટરોને સૂચનાઓ અને આદેશ આપી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ વધે નહીં તેવા તેમના પ્રયાસો છે.

આ ઉપરાંત સીએમઓના સ્ટાફના ઉચ્ચ અધિકારીઓ જેવાં કે કે. કૈલાસનાથન અને એમકે દાસ ઉપરાંત વિવિધ વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ, આઈપીએસ અને આઈએફએસ અધિકારીઓની સેવાઓ લેવામાં આવી રહી છે. સરકારનું ૭૦ ટકા વહીવટી તંત્ર અત્યારે કોરોના સામે કામે લાગ્યું છે.

ગુજરાતના આરોગ્ય વિભાગની આખી ટીમ ડો. જયંતિ રવિ પાસે છે. વિભાગનો મોટાભાગનો સ્ટાફ તેમની સાથે કોરોના સદર્ભે કામગીરી કરી રહ્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગના ૨૦ ઓફિસરો એવાં છે કે જેઓને હોસ્પિટલોની જવાબદારી સુપરત કરવામાં આવેલી છે. રાજ્યમાં સરકારી ડોક્ટરો પૈકી ૭૫ ટકા અત્યારે કોરોના સંક્રમણ સમયે સેવાઓ આપી રહ્યાં છે.

જિલ્લાકક્ષાએ ૫૩૭૬ ડોક્ટરો સહિતનો મેડીકલ સ્ટાફ છે. ૭૮૨૧ જેટલા ટેકનિશિયન રાજ્યના મુખ્ય શહેરો તેમજ જિલ્લાઓમાં દર્દીઓને વિવિધ સેવાઓ આપી રહ્યાં છે. મહત્વની બાબત એવી છે કે તબીબી શિક્ષણ સેવાના ડોક્ટરો સહિતના મેડીકલ સ્ટાફની સંખ્યા ગુજરાતમાં ૮૯૬૦ જેટલી છે. બીજા ૨૪૨૮૯ જેટલો સ્ટાફ વિવિધ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં રોકાયેલો છે. કોરોનાની સારવાર માટે ગુજરાત સરકારે આયુષ વિભાગના ૧૧૩૧ ડોક્ટરો તેમજ મેડીકલ સ્ટાફની સેવા પણ લીધી છે. એ ઉપરાંત મેડીકલ સર્વિસના ૧૧૪ ઓફિસરો અને ખોરાક તેમજ ઔષધ કમિશનર કચેરીના ૧૦૬ ઓફિસરોની પણ મદદ લેવામાં આવી છે.

## કોરોના સ્પેશ્યલ

| | |
|---|---|
| ૧૦,૦૦૦ | મેડીકલ કોલેજોમાં આરોગ્ય કર્મચારીઓને તાલીમ |
| ૨૮૦૦૦ | વેન્ટીલેટરની સંખ્યા |
| ૩૦૦૦ | ખાનગી તબીબોની સેવા |
| **દવાઓની ખરીદી માટે ખરીદ સમિતિની રચના** | |
| **હોમ ક્વોરેન્ટાઇન માટે ૧૧૦૦ નંબરની હેલ્પલાઇન સુવિધા** | |
| ૮૪૦૦ | બેડની સુવિધા |
| ૯.૭૫ લાખ | એન-૯૫ માસ્કની ખરીદી |
| ૩.૫૮ લાખ | પીપીઈ કીટ |
| ૧.૨૩ લાખ | ટ્રીપલ લેયર માસ્ક |
| **હાઇડ્રોક્સી ક્વોરોક્વીનનો જથ્થો ઉપલબ્ધ** | |
| ૨૨ | ગુજરાતમાં કલસ્ટરની સંખ્યા |
| ૧૩૮ | કલસ્ટર કન્ટેન્મેન્ટ સર્વે ટીમ |
| ૮૩૩૧ | કુલ લેબોરેટરી પરીક્ષણ |
| ૭૬૧૭ | નેગેટીવ રિપોટ્સ |
| ૪૬૮ | પોઝિટીવ રિપોટ્ર્સ |
| ૪૦૭ | રિપોટ્ર્સ પેન્ડીંગ |
| ૧૯ | રાજ્યના કોરોના પ્રભાવિત જિલ્લા |
| ૨૪૩ | અમદાવાદમાં સૌથી વધુ પોઝિટીવ કેસ |
| ૩૪ | દર્દીઓ રિકવર થયાં |
| ૧૨૦૪૨ | ક્વોરેન્ટાઈન વ્યક્તિઓ |

અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ઉપરાંત અન્ય ખાનગી લેબને ટેસ્ટની મંજૂરી

# ગુજરાતના આરોગ્યના રિયલ વોરિયર્સ દિન-રાત જોયા વિના કોરોનાનું સંક્રમણ અટકાવવાના પ્રયાસો કરી રહ્યાં છે, મુખ્યમંત્રીની કોરટીમ મેદાને, કેન્દ્ર સાથે સંકલન કરી ગાઇડલાઇનનું પાલન કરાવે છે

## ખૂણેખાંચરેથી

- ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના જાણીતા તબીબ ડૉ. અનિલ નાયકની રાજ્ય સરકારે બનાવાયેલી ઉચ્ચસ્તરીય સમિતિમાં સમાવેશ કરાયો છે. આ સમિતિમાં પાંચ તબીબોનો સમાવેશ કરાયો છે જે નોંધનીય છે.
- ગાંધીનગર શહેરમાં લોકડાઉનને પગલે મોર્નિંગ વોકર્સની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા રોટેશન મુજબ કર્મચારીઓને (આરોગ્ય વિભાગ સિવાય)નાને આવવાના હુકમો કરી દીધા છે.
- ગાંધીનગર એ.પી. એમ. સી.એ રૂ. ૨.૫૧ લાખનો ચેક મુખ્યમંત્રીના રાહતફંડમાં જમા કરાવ્યો છે.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાના અધિકારીઓ-પદાધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ગાંધીનગર મનપાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. કલ્પેશ ગોસ્વામી હોમ ક્વોરોન્ટાઈન થયા બાદ ગઈકાલથી ફરજ પર હાજર થઈ ગયા છે.
- ગાંધીનગરમાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે અને સાંજે ૭.૩૦ કલાકે કોરોનાના અપડેટ જાણવા ગુજરાતી ન્યૂઝ ચેનલ સામે બેસનારો વર્ગ વધતો જાય છે. એ સમયે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિની પ્રેસ કોન્ફરન્સનું જીવંત પ્રસારણ ગુજરાતની બધી જ ન્યૂઝ ચેનલો કરતી હોવાથી ઘરે - ઘરે આંકડા જાણવા ક્રિકેટ મેચની જેમ રસપૂર્વક સાંભળે છે.



મહામારીના સમયે લૉકડાઉન જ એક આખરી ઉપાય છે. કોઈ દવા કે રસી સો ટકા અકસીર ન હોઈ હાલમાં લૉકડાઉન જ શ્રેષ્ઠ વિકલ્પ છે. જો કે આવા સમયે સૌથી વધુ અસર ગરીબ અને શ્રમજીવીઓ પર પડી રહી છે. આવા કપરાં સમયે શ્રમજીવીઓને મદદ પહોંડી શકાય તે હેતુથી શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) અને તેમની ટીમે બોરીજ ગામના શ્રમજીવીઓને ૩ હજાર કીલો શાકભાજીનું વિતરણ કર્યું હતું અને 'માનવતા પરમો ધર્મ'નો સાક્ષાત્કાર કરાવ્યો હતો.

## ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રા ગામમાં લોકડાઉન, આગેવાનો દ્વારા ગ્રામ પ્રવેશદ્વારો સીલ

ચિલોડા, તા. ૧૧ ગાંધીનગર તાલુકાના પૂર્વ આરંભાયુ છે. ત્યારે મહુન્દ્રા ગામે પ્રવેશવાના રસ્તાઓ દ્વારા અન્ય લોકડાઉમાં સાવચેતીરૂપે સહકાર આપી રહ્યા છે.



વિસ્તારમાં આવેલ મહુન્દ્રા ગામમાં કોરોના વાયરસના રોગને ફેલાતો અટકાવવા માટે હવે ગામડાઓમાં ગ્રામજનતા જાગૃતતા કેળવવા અને સતર્કતા રાખવા તકેદારીરૂપે લોકડાઉનનો કડક અમલ કરવા જન અભિયાન બહાર ગામના જાણે અજાણે અજાણ્યા માણસોની ખોટી રીતે અવરજવર પર દેખરેખ રાખવા ગામમાં પ્રવેશ નહી કરવા લાંબા વાંસની આડશો બનાવી પ્રવેશદ્વારો સીલ કરવામાં આવી છે. ગ્રામ્યવિસ્તારોમાં સ્વયંભૂ

મહુન્દ્રા ગામમાં મુખ્ય પ્રવેશદ્વારમાં શિવપુરાકંપા, ઈસનપુર મોટા ગ્રામ્ય રસ્તાઓ દ્વારા આવતા બહારના ફેરિયાઓ અને અન્ય બહારગામથી આવતાં લોકો માટે સદંતર પ્રવેશબંધના બેનરો લગાડવામાં આવ્યા છે.

